ચોથા વર્ગના સરકારી કર્મચારીઓને
ગણવેશના ભાગરૂપે બુટ/લેડીઝ બુટ
અને ચંપલ આપવા અંગે

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:ગણવ/૧૦૨૦૧૩/૫૨૮/ખ-૩
તા.૧૭/૨/૨૦૧૪

વંચાણે લીધા:-

(૧) સા.વ.વિ.નો તા.૭/૭/૯૭નો ઠરાવ ક્રમાંક:ગણવ/૨૨૯૭/૨૫૮૩/ખ-૩,
(૨) સા.વ.વિ.નો તા.૧૬/૧/૯૯નો ઠરાવ ક્રમાંક:ગણવ/૧૮૮૭/૩૨૪૫/ખ-૩,
(૩) સા.વ.વિ.નો તા.૫/૨/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક:ગણવ/૨૦૦૬/૨૫૪૨/ખ-૩,

આમુખ:-

સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ(૩)માં દર્શાવેલ તા.૫/૨/૨૦૦૭ના ઠરાવથી રાજ્ય સરકારના વર્ગ-૪ ના કર્મચારીઓને એક વર્ષે એક જોડી બુટ/લેડીઝ બુટની કિમત(ટેક્ષ સહિત) જેટલી રકમ અથવા રૂ.૨૫૦/- એ બે માંથી જે ઓછી હોય તે રકમ અને બીજા વર્ષે એક જોડી ચંપલની કિમત(ટેક્ષ સહિત) જેટલી રકમ અથવા રૂ.૧૫૦/- એ બે માંથી જે ઓછી હોય તે(બે વર્ષે કુલ રૂ.૪૦૦/-)ની રકમની રોકડમાં ચુકવણી કરવા અંગેના હુકમો કરવામાં આવેલા છે. આ રકમમાં વધારો કરવા અંગેની બાબત રાજ્ય સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

રાજ્ય સરકારના વર્ગ-૪ના કર્મચારીઓ માટે બુટ/લેડીઝ બુટની કિમતમાં થયેલ વધારો લક્ષમાં લઇને સરકારશ્રી દ્વારાદ્વારાઆ બાબતે પુખ્ત વિચારણા બાદ રાજ્યના વર્ગ-૪ના કર્મચારીઓને એક વર્ષે એક જોડી બુટ/લેડીઝ બુટની કિમત(ટેક્ષ સહિત) જેટલી રકમ અથવા રૂ.૩૨૦/- એ બે માંથી જે ઓછી હોય તે રકમ અને બીજા વર્ષે એક જોડી ચંપલની કિમત(ટેક્ષ સહિત) જેટલી રકમ અથવા રૂ.૨૩૦/- એ બે માંથી જે ઓછી હોય તે(બે વર્ષે કુલ રૂ.૫૫૦/-)ની રકમની રોકડમાં ચુકવણી કરવાનું આથી સરકારશ્રી ઠરાવે છે.

૨. આ બાબતે સામાન્ય વહીવટ વિભાગના સંદર્ભ(૧) આગળના તા.૭/૭/૯૭ના ઠરાવની અન્ય જોગવાઇઓ/શરતો યથાવત રહેશે.

૩. આ ઠરાવ રાજ્ય સરકારના તથા પંચાયત સેવાના વર્ગ-૪ના કર્મચારીઓને લાગુ પડશે.

૪. આ ઠરાવ નાણાકીય વર્ષ:૨૦૧૪-૧૫(તા.૧/૪/૨૦૧૪)થી અમલમાં આવશે.

૫. પ્રસ્તુત બાબતે આકસ્મિક ખર્ચના નિયમ સંગ્રહ(ના.વિ.ના પ્રકાશન નં:૯)ની જોગવાઇઓમાં જરૂરી સુધારો કરવા આથી નાણાં વિભાગને જણાવવામાં આવે છે.

(પાછળ...)

૬. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા.૧૭/૭/૨૦૧૩ની નોંધથી મળેલ સંમતિ બાદ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી.બી.ઝાલા

(ડી.બી.ઝાલા)
ઉપસચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

નકલ રવાના:-

- * રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- * રાજ્યપાલશ્રીના ગૃહ નિયામકશ્રી, રાજભવન, ગાંધીનગર
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી
- સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- મુખ્ય સચિવશ્રીના ઉપસચિવશ્રી
- એકાઉન્ટન્ટ જનરલ(એ એન્ડ ઇ)ગુજરાત, રાજકોટ
- એકાઉન્ટન્ટ જનરલ(ઓડિટ-૧)ગુજરાત, અમદાવાદ
- એકાઉન્ટન્ટ જનરલ(ઓડિટ-૨)ગુજરાત, રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર
- નાણા વિભાગ/ઝ-શાખા, સચિવાલય, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો/સર્વે ખાતાના વડાઓ/સર્વે જિલ્લા કલેક્ટરશ્રીઓ
- * સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- * રજિસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- * સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર
- * સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- * સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય સરકારી ચોથા વર્ગ કર્મચારી મહામંડળ, ગાંધીનગર
- પ્રમુખશ્રી, સચિવાલય વર્ગ-૪ કર્મચારી મહામંડળ, ગાંધીનગર
- પ્રમુખશ્રી, ગુજરાત રાજ્ય પંચાયત ચોથા વર્ગ કર્મચારી મહામંડળ(રાજ્યકક્ષા), ગાંધીનગર
- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ/વિશિષ્ટ ફાઇલ

*પત્ર દ્વારા